અપીલ અરજી નં.૧૭૮ તા.૨૦–૯–૦૮

અરજદારઃ શ્રી મહેશભાઈ પ્રભુદાસ ગરાછ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેશભાઈ પ્રભુદાસ ગરાછની તા.૨૯–૭–૦૮ ની અરજીથી તા.૭–૮–૨૦૦૬ થી તા.૧૩–૮–૨૦૦૬ દરમ્યાન જે સફાઈ,પાણી,લાઈટ (સામાન્ય વેરો) સુરત મહાનગર સેવાસદન તરફથી અમોને (જલારામ, ગુ.હા.બોર્ડ, ગણેશપુરા) મળેલ હોય તે અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૭૮/૨૦૦૮–૦૯

શ્રી મહેશભાઈ પ્રભુદાસ ગરાછની તા.૨૯–૭–૦૮ ની અરજીથી તા.૭–૮–૨૦૦૬ થી તા.૧૩–૮–૨૦૦૬ દરમ્યાન જે સફાઈ,પાણી,લાઈટ (સામાન્ય વેરો) સુરત મહાનગર સેવાસદન તરફથી અમોને (જલારામ, ગુ.હા.બોર્ડ, ગણેશપુરા) મળેલ હોય તે અંગેની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનના પત્ર નં. એનઝેડ/એઆરડી/૩૩૧ તા.૬–૮–૦૮થી આપેલ માહિતી અધુરી ખોટી તેમજ ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૯૦ તા.૨૫–૯–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૪૮૪ તા.૩૦–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજીમાં તા.૭–૮–૨૦૦૬ થી તા.૧૩–૮–૨૦૦૬ દરમ્યાન જે સફાઈ,પાણી,લાઈટ (સામાન્ય વેરો) સુરત મહાનગર સેવાસદન તરફથી અમોને (જલારામ, ગુ.હા.બોર્ડ, ગણેશપુરા) મળેલ હોય તે અંગેની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનના પત્ર નં.એનઝેડ/એઆરડી/૪૫૩ તા.૨૦–૯–૦૮ થી અરજદારનેમાહિતી કયા પ્રકારની કઈ બાબતની જોઈએ છે તે બાબતની સ્પષ્ટતા " મને અગાઉ આપવામાં આવેલ. જે સંમતિને ધ્યાનમા લઈ અરજદારને પત્ર એન.ઝેડ/એઆરડી/૪૮૧ તા.૩૦–૯–૦૮ થી અરજી દફતરે કરવાનું જણાવવામાં આવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૪–૭–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી અંગે અરજદારે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન અને ડે.કમિશ્નર (પઅનેઈ) સમક્ષ હાજર રહી અગાઉ મળેલ માહિતી અને પુરાવા સિવાય અન્ય કોઈ માહિતી જરૂર નહીં હોવાનું જણાવી અરજી દફતરે કરવા જણાવેલ હોવાના પત્રથી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી રજૂ થયેલ નકલ ધ્યાને લેતાં અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું નથી. તેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન.......... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેશભાઈ પ્રભુદાસ ગરાછ